# નકલી પોલીસને પકડી પાડતી ખટોદરા પોલીસ

ખટોદરા પો.સ્ટે વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી પોલીસ તરીકે ખોટી ઓળખ આપી, ખોટી દમદાટી આપી, રાહદારીઓને પોતે પોલીસ હોવાનું જણાવી ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી, પૈસા તથા મોબાઈલ કઢાવી લેવાના બનાવો બનેલ જે બનાવો અટકાવવા તેમજ આરોપીઓ શોધી કાઢવા સારૂ ખટોદરા પો.સ્ટે.ના પોલીસ માણસો ટીમ બનાવી પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ખાનગી રાહે બાતમી હકિકતના આધારે એક શંકાસ્પદ ઈસમને પકડી નામઠામ પુછતા પ્રધાનસિઘ મહેશસિઘ જાતે સિંઘ ઉ.વ.૨૪ રહે. ઘર નં.૧૭૯, સીતાનગર સોસા., આઈ.જે.દાવલે સ્કુલની પાસે, પિયુષ પોઈન્ટ પાંડેસરા, સુરત મુળગામ:-નનૌર પોસ્ટ -સહાર તા:- કરબાસીન જી-આરા (બિહાર) હોવાનો જણાવેલ સદર ઈસમની અંગઝડતી કરતા એક સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન જેનો મોડલ નં. J7પ્રાઈમ જેનો IMEI નં. (૧)૩૫૨૩૩૫૦૮૬૦૬૭૧૩૩૦૨ (૨) ૩૫૨૩૩૬૦૮૬૦૬૭૧૩૧૦૨ જેની કિ.રૂ.૧૦,૦૦૦/- તથા બીજો ઓપો કંપનીનો સફેદ તથા ગોલ્ડ કલરનો મોબાઈલ ફોન મોડલ નં.A37 જેના IMEI નં.(૧)૮૬૫૨૪૧૦૩૮૩૧૧૭૭૯ (૨) ૮૬૫૨૪૧૦૩૮૩૧૧૭૬૧ જેની કિ.રૂ. ૮૦૦૦/- જેટલી ગણી શકાય સદર ઈસમ યુક્તિ પ્રયુક્તિથી પુછપરછ કરતા બે દિવસ અગાઉ ખરવરનગર બ્રીજ પાસે બે ઈસમ બાઈક પર જતા હોય તેઓને અટકાવી પોલીસ તરીકેની ખોટી ઓળખ આપી, ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી, તેઓ પાસેના બે મોબાઈલ ફોન તથા રોકડા રૂપિયા કઢાવી લીધેલ તેમજ FZ મો.સા.નં.GJ-05-MS-2489 નો એન્જીન નં. જોતા G3G4E0221698 તથા ચેસીસ નંબર જોતા ME1RG072AF0137514 નો છે જેની કિ.રૂ.૫૦,૦૦૦/- ગણી શકાય જે બનાવ અનુસંધાને ખાત્રી કરતા અત્રેના ખટોદરા પો.સ્ટે. માં I ગુ.ર.નં. ૩૧૨/૨૦૧૮ તથા I ગુ.ર.નં. ૩૧૩/૨૦૧૮ ઈ.પી.કો. કલમ ૧૭૦, ૩૨૩, ૩૪૧, ૩૮૪, ૧૧૪ મુજબનો ગુન્હો દાખલ થયેલ જે વણશોધાયેલ હોય જે શોધી કાઢી પ્રસંશનિય કામગીરી કરવામાં આવેલ છે.